પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૮૧ ૨૩ ડિસેમ્બર, ૨૦૨૨, શુક્રવાર; માગશર વદ - ૦)) પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# કોરોના સામે માસ્ક પહેરવા મોદીની અપીલ

**વિશ્વમાં કોરોનાનો કહેર વધતાં ભારત એલર્ટ : કોરોનાના વધતા કહેરમાં લોકોને ફેસમાસ્ક પહેરવા IMAની સલાહ : ઇન્ડિયન મેડિકલ એસોસિએશને નવી ગાઇડલાઇન બહાર પાડી, ભારતમાં ૨૪ કલાકમાં ૧૪૫ નવા કેસ, ચાર કેસ નવા ચાઇના વેરિઅન્ટ - બીએફ.૭ના છે**



નવી દિલ્હી, તા.૨૨

કોરોનાના વૈશ્વિક કહેરને પગલે ભારતે પણ સાવધાનીના પગલા આરંભ્યા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં રાષ્ટ્રીય ટાસ્ક ફોર્સની તાકિદની બેઠકમાં સૌ દેશવાસીઓને કોરોના સામે પુનઃ લડવા અપીલ કરી હતી અને સૌને જાહેર મેળાવડાઓથી દૂર રહી ચૂસ્તપણે માસ્ક પહેરવાની સાથે સાથે કોરોના ગાઈડલાઈનનું પાલન કરવા આગ્રહપૂર્વક અપીલ કરી હતી. બેઠકમાં મૂલ્યાંકન કરાયું હતું કે ભારતમાં રસીકરણને પગલે ચીન અને જાપાન કરતા ઓછી અસર થશે એમ જણાવ્યું હતું. આમ છતાં પ્રિકોશન ડોઝ માટે રાજ્યના આરોગ્ય તંત્રને સુચનાઓ આપવાનું નક્કી કરાયું હતું.

દરમિયાન ચીન સહિત વિવિધ દેશોમાં છેલ્લા ૨૪ કલાકમાં કોવિડના કેસોમાં અચાનક થયેલા વધારાને ધ્યાનમાં લઈને ઈન્ડિયન મેડિકલ એસોસિએશન પણ એલર્ટ મોડમાં આવી ગયું છે. અને કોવિડ-૧૯ સંબંધિત નવી માર્ગદર્શિકા જાહેર કરી છે. એસોસિએશને લોકોને અપીલ કરી છે કે તાત્કાલિક અસરથી દરેક વ્યક્તિએ કોવિડ માર્ગદશિકાનુ યોગ્ય રીતે પાલન કરવું જોઈએ. લોકોને ફેસમાસ્ક પહેરવાની અપીલ કરવામાં આવી છે. આ સાથે જરૂરી માર્ગદર્શિકા પણ આપવામાં આવી છે.

આઈએમએએ કહ્યું છે કે છેલ્લા ૨૪ કલાકમાં અમેરિકા,

● અનુસંધાન પાન-૭ પર

## ઈન્ડિયન મેડિકલ એસોસિએશનની અપીલ

- સરકારને ૨૦૨૧ જેવી કોઈપણ પરિસ્થિતિનો સામનો કરવા માટે તૈયાર રહેવા માટે કહેવામાં આવ્યું છે.
- ઇમરજન્સી સેવાઓ પૂરી પાડવા માટે સંબંધિત મંત્રાલયો અને વિભાગોને જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે.
- દવાઓ, ઓક્સિજન પુરવઠો અને એમ્બ્યુલન્સ સેવાઓ તૈયાર રાખવા સૂચના.
- ઈન્ડિયન મેડિકલ એસોસિએશને રાજ્ય અને સ્થાનિક શાખાઓને જરૂરી પગલાં લેવા માટે એક એડવાઈઝરી જારી કરી છે.
- પોતપોતાના વિસ્તારોમાં કોવિડ ફાટી નીકળવાના કિસ્સામાં પ્રાથમિક પગલાં લેવા જણાવ્યું.
- આઈએમએએ પણ તેના તમામ સભ્યોને કામ કરવાની અપીલ કરી છે.
- રોગચાળાના સંભવિત પ્રકોપને પહોંચી વળવા માટે પહેલાની જેમ સક્રિય રીતે તૈયાર રહેવા માટે કહેવામાં આવ્યું છે.

## ઈન્ડિયન મેડિકલ એસોસિએશનની ગાઈડલાઈન્સ

- ભીડભાડ જગ્યાઓ પર જવાનું ટાળો
- બિનજરુરી પ્રવાસ ટાળવો
- લગ્ન પ્રસંગ પણ શક્ય હોય તો ટાળવા
- જાહેર સ્થળોએ માસ્ક અચૂક પહેરો
- સેનિટાઈઝરનો ઉપયોગ કરો
- સોશિયલ ડિસ્ટન્સિંગ જરૂરી
- સાબુ- પાણી અથવા સેનિટાઇઝર્સથી હાથ ધોવા
- આંતરરાષ્ટ્રીય પ્રવાસ ટાળવો
- તાવ, ગળામાં દુઃખાવો, ઉધરસ, ઝાડા વગેરે જેવા લક્ષણો હોય તો ડોક્ટરની સલાહ લો
- વહેલી તકે બૂસ્ટર ડોઝ સહિત તમારી બાકી રસી લઈ લો

# જાપાનમાં એક દિવસમાં ૨ લાખ નવા કેસ

**ચીનમાં તબાહી બાદ વિશ્વભરમાં માથું ઊંચકતો કોરોના : જાપાનમાં કોરોના વાયરસના આ નવી લહેરમાં અત્યાર સુધીમાં લગભગ ૩૦૦ લોકોના મોત થયા**

ટોકિયો, તા.૨૨

અત્યાર સુધી ચીનમાં તબાહી મચાવી રહેલા કોરોના વાયરસએ હવે સમગ્ર વિશ્વ માટે જોખમની ઘંટડી વગાડી છે. ચીન સાથે હવે કોરોનાએ જાપાનમાં પણ માથું ઉંચક્યું છે અને ઝડપથી લોકોમાં ફેલાઈ રહ્યો છે.

જાપાનમાં ગઈકાલે એક દિવસમાં ૨ લાખ નવા કેસ સામે આવતાં હડકંપ મચી ગયો હતો. જાપાનમાં કોરોના વાયરસના આ નવી લહેરમાં અત્યાર સુધીમાં લગભગ ૩૦૦ લોકોના મોત થયા છે. મળતી જાણકારી અનુસાર, જાપાનમાં ગઈકાલે કોરોના વાયરસના ૨૦૧,૧૦૬ નવા કેસ નોંધાયા હતા, જે તેના આગલા દિવસની તુલનામાં ૧૫,૪૧૨ વધુ હતા. તે જ સમયે, જાપાનની રાજધાની ટોક્યોમાં ૨૧,૧૮૬ નવા કેસ નોંધાયા હતા, જે આગલા દિવસ કરતા ૭૬૩ વધુ હતા. દેશમાં કોરોના વાયરસના કારણે અત્યાર સુધીમાં ૨૯૬ લોકોના મોત થયા છે.

કોરોના પ્રતિબંધો હટાવ્યા પછી, જાપાનમાં પ્રવાસીઓનો રાફડો ફાટ્યો છે અને માનવામાં આવે છે કે, કોરોનાના કેસ વધવા પાછળ તે એક મુખ્ય કારણ છે. માત્ર નવેમ્બર મહિનામાં જ જાપાનમાં મુલાકાતીઓની સંખ્યા લગભગ ૧ મિલિયન સુધી પહોંચી ગઈ છે. બે વર્ષના પ્રતિબંધો પછી આ પહેલીવાર બન્યું હતું જ્યારે આટલી મોટી સંખ્યામાં પ્રવાસીઓ જાપાન આવ્યા હતા. ચીન બાદ જાપાનમાં પણ આટલી મોટી સંખ્યામાં કોરોના સંક્રમણના કેસ મળવાથી સ્પષ્ટ થાય છે કે હવે કોરોના સમગ્ર વિશ્વમાં ફરી એકવાર તબાહી મચાવવી શકે છે.

ચીન બાદ હવે જાપાન, દક્ષિણ કોરિયા, બ્રાઝિલ અને અમેરિકામાં પણ કોવિડ-૧૯ના કેસ વધવા લાગ્યા છે. કોરાના વાયરસના ઓમિક્રોન વેરિઅન્ટના નવા સબ-વેરિઅન્ટ્સને કારણે ચીનમાં ચેપના કેસોમાં વધારો જોવા મળી રહ્યો છે.

ચીનમાં, અત્યંત ચેપી ઓમિક્રોન વેરિઅન્ટના બે પેટા વેરિઅન્ટ, બીએ.૫.૨ અને બીએફ.૭, એ પાયમાલ સર્જી છે. ભારત હવે તેનાથી દૂર નથી, કારણ કે ઓમિક્રોન સબ-વેરિઅન્ટ બીએફ.૭ ના ચાર કેસ, ભારતમાં પણ મળી આવ્યા છે. આ જ કારણ છે કે ભારતમાં પણ સરકાર એલર્ટ મોડમાં આવી છે અને સતત સમીક્ષા બેઠકો યોજી રહી છે.

# કોવિડનો ડર ભારત જોડો યાત્રા બંધ કરાવવાનું બહાનું : રાહુલ

**કોંગ્રેસ નેતાની સ્વાસ્થ્ય મંત્રીના પત્ર પર પ્રતિક્રિયા : જો કોઈ નરેન્દ્ર મોદીની સામે ઊભું હોય તો વડાપ્રધાન તેમનો મુકાબલો નથી કરી શકતા અને ભાગી જાય છે**

નવી દિલ્હી, તા.૨૨

કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ ગુરૂવારે હરિયાણાના નૂંહમાં મોદી સરકાર પર નિશાન સાધ્યુ હતું. તેમણે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાના પત્ર પર પણ પ્રતિક્રિયા આપી છે.



રાહુલ ગાંધીએ કહ્યું કે, મને પત્ર લખવામાં આવ્યો કે, યાત્રા બંધ કરો કોવિડ આવી રહ્યો છે. પરંતુ તે યાત્રા રોકવા માટેનું બહાનું છે. તેમણે કહ્યું કે, તમે ગમે તેટલો પ્રયત્ન કરો અમે તૂટવાના નથી.

કોંગ્રેસ સાંસદે કેન્દ્ર સરકાર પર નિશાન સાધતા કહ્યું કે, ભારત ડરપોક દેશ નથી અને તે કોઈનાથી ડરતો નથી.

તેમણે કહ્યું કે, અમે દેશને તૂટવા નહીં દઈશું. રાહુલ ગાંધીએ કહ્યું કે, જો હરિયાણામાં અમારી સરકાર આવશે તો અમે તમામ કામ કરીને બતાવીશું.

રાહુલ ગાંધીએ ફરી એકવખત માઈક ઓફ કરવાનો ઉલ્લેખ કર્યો છે. તેમણે કહ્યું કે, હું જ્યારે લોકસભામાં બોલવા જાઉં છું ત્યારે મારો માઈક ઓફ કરી દેવામાં આવે છે. કોંગ્રેસ સાંસદે મોંઘવારી મુદ્દે પણ કેન્દ્ર સરકારને આડે હાથ લીધી હતી. તેમણે કહ્યું કે, તમે લોકો મોદીજી સાથે મોંઘવારી અને બેરોજગારી અંગે વાત કરો.

રાહુલ ગાંધીએ કહ્યું કે, જો કોઈ નરેન્દ્ર મોદીની સામે ઊભું હોય તો નરેન્દ્ર મોદી તેમનો મુકાબલો નથી કરી શકતા અને ભાગી જાય છે. તેમણે કહ્યું કે, નરેન્દ્ર મોદી ક્યારેય પ્રેસ કોન્ફરન્સ નથી કરતા. આરએસએસ અને બીજેપીના લોકો ગરીબ અને ખેડૂતોથી ડરે છે.

# બીજી ટેસ્ટ મેચમાં બાંગ્લાદેશ પ્રથમ દિવસે જ ઓલ-આઉટ

**ભારત માટે ઉમેશ યાદવ અને અશ્વિનની ચાર-ચાર વિકેટ, જયદેવ ઉનડકટને બે સફળતા : મોમિનુલ હકના ૮૪ રન**



મીરપુર, તા.૨૨

ઝડપી બોલર ઉમેશ યાદવ અને રવિચંદ્રન અશ્વિનની ઘાતક બોલિંગની મદદથી ભારતીય ક્રિકેટ ટીમે ગુરૂવારથી શરૂ થયેલી બીજી ટેસ્ટ ક્રિકેટ મેચના પ્રથમ દિવસે મજબૂત સ્થિતિ મેળવી લીધી છે. ભારતે બાંગ્લાદેશનો પ્રથમ દાવ ૨૨૭ રનમાં સમેટી લીધો હતો. ઝડપી બોલર ઉમેશ યાદવે ૧૫ ઓવરમાં ૨૫ રન આપીને ચાર વિકેટ ઝડપી હતી. જ્યારે અશ્વિને પણ ચાર વિકેટ પોતાના નામે કરી હતી. ૧૨ વર્ષ બાદ ટેસ્ટમાં પુનરાગમન કરનારા જયદેવ ઉનડકટને પણ બે સફળતા મળી હતી. ભારતે દિવસની રમત પૂરી થઈ ત્યાં સુધીમાં વિના વિકેટે ૧૯ રન નોંધાવ્યા હતા. શુભમન ગિલ ૧૪ રન અને લોકેશ રાહુલ ત્રણ રને રમતમાં છે. બાંગ્લાદેશે ટોસ જીતીને પ્રથમ બેટિંગનો નિર્ણય કર્યો હતો. સુકાની લોકેશ રાહુલે મોહમ્મદ સિરાજ અને ઉમેશ યાદવ પાસે બોલિંગની શરૂઆત કરાવી હતી. ત્યારબાદ નવમી ઓવરમાં બોલિંગ આક્રમણમાં ફેરફાર કરતાં ઉમેશ યાદવને બોલિંગ સોંપી હતી.

# બેંકો ગ્રાહકને જાણ કર્યા વિના લોનના વ્યાજ દરમાં વધારો કરી શકે છે

**વ્યક્તિએ ફેબ્રુઆરી ૨૦૧૦માં બેક્કિંગ લોકપાલને ફરિયાદ કરી હતી : મોટાભાગની બેંકો બોન્ડ યીલ્ડ અથવા રેપો રેટને બેન્ચમાર્ક મુજબ ચાલે છે, જો રેપો રેટમાં ફેરફાર થાય છે, તો લોનના વ્યાજ દર પણ તે મુજબ બદલાય**

નવી દિલ્હી,તા.૨૨

નેશનલ કન્ઝ્યુમર ડિસ્પ્યુટ રિડ્રેસલ કમિશને તેના તાજેતરના એક નિર્ણયથી લોન લેનારાઓને મોટો ઝટકો આપ્યો છે. NCRDCએ ICICI બેંક અને લોન લેનાર વચ્ચેના વિવાદમાં નિર્ણય આપતાં કહ્યું છે કે, ફ્લોટિંગ રેટ લોનમાં બેંકને લોન લેનારને જાણ કર્યા વિના પણ વ્યાજ દર વધારવાનો અધિકાર છે. દર વખતે વ્યાજ વધારતા પહેલા લોન લેનારને જાણ કરવી જરૂરી નથી. આ મામલે પહેલો નિર્ણય ૨૦૧૯માં આવ્યો હતો. ત્યારબાદ રાજ્ય સ્તરીય કમિશને લોન લેનારની તરફેણમાં નિર્ણય આપ્યો હતો. હવે દ્રઝઈદ્ગઝએ તેને પલટી નાખ્યો છે. આ વાત ૨૦૦૫થી શરૂ થાય છે. ફરિયાદી વિષ્ણુ બંસલે નવેમ્બર ૨૦૦૫માં બેંકમાંથી ૩૦,૭૪,૧૦૦ રૂપિયાની લોન લીધી હતી. આ લોન ફ્લોટિંગ રેટ પર લેવામાં આવી હતી. ફ્લોટિંગ રેટ લોન એવી છે, જેમાં બેન્ચમાર્કમાં થતા ફેરફારોના આધારે વ્યાજ દરો પણ બદલાય છે.

ઉદાહરણ તરીકે, હાલમાં મોટાભાગની બેંકો બોન્ડ યીલ્ડ અથવા રેપો રેટને બેન્ચમાર્ક મુજબ ચાલે છે. જો રેપો રેટમાં ફેરફાર થાય છે, તો લોનના વ્યાજ દર પણ તે મુજબ બદલાય છે. વિષ્ણુ બંસલે આ લોન ૨૪૦ મહિનામાં ચૂકવવાની હતી અને તેની EMI ૨૪,૨૯૭ રૂપિયા પ્રતિ માસ હતી. બંસલે પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે, શરૂઆતમાં બેંકે તેમની પાસેથી વાર્ષિક ૭.૨૫ ટકા વ્યાજ વસૂલ્યું હતું, પરંતુ બાદમાં ૮.૭૫ ટકા કરી દેવામાં આવ્યું હતું. તેમણે કહ્યું કે, તેમને આ અંગે કોઈ માહિતી આપવામાં આવી નથી. આ પછી બેંકે ફરી એકવાર વ્યાજ દર વધારીને ૧૨.૨૫ ટકા કર્યો છે. ઉપરાંત, તેની લોન ચૂકવવાની મુદત ૨૪૦ મહિનાથી વધારીને ૩૩૧ મહિના કરવામાં આવી હતી. બંસલે ICICI સાથેની તેમની લોન બંધ કરી અને તેને અન્ય બેંકમાં ટ્રાન્સફર કરી ત્યાં સુધીમાં તેણે રૂ. ૧.૬૨ લાખની વધારાની ચુકવણી કરી દીધી હતી. બંસલે સૌપ્રથમ ફેબ્રુઆરી ૨૦૧૦માં બેક્કિંગ લોકપાલને ફરિયાદ કરી હતી. તે RBI દ્વારા નિયુક્ત એક વરિષ્ઠ અધિકારી છે, જે બેંકોની અસંતોષકારક કામગીરી અંગે ગ્રાહકોના પ્રશ્નો સાંભળે છે.

# તિહાડ જેલના ભૂતપૂર્વ ડિરેક્ટર જનરલ સંદીપ ગોયલ સસ્પેન્ડ

**દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નરના અહેવાલના આધારે પગલા**

નવી દિલ્હી, તા.૨૨

દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેનાના અહેવાલના આધારે કેન્દ્રીય ગૃહ મંત્રાલયે વરિષ્ઠ આપીએસ અધિકારી અને



તિહાડ જેલના ભૂતપૂર્વ ડિરેક્ટર જનરલ સંદીપ ગોયલને ફરજમાં કથિત બેદરકારી બદલ સસ્પેન્ડ કરી દીધા છે. ૧૯૮૯-બેચના ભારતીય પોલીસ સેવા (આપીએસ) અધિકારી ગોયલને ગયા મહિને દિલ્હીની તિહાર જેલના વડા તરીકે હટાવીને દિલ્હી પોલીસ હેડક્વાર્ટર સાથે જોડવામાં આવ્યા હતા.

મંત્રાલયના એક અધિકારીએ જણાવ્યું કે, તિહાડના મહાનિર્દેશક તરીકે પોતાના કાર્યકાળ દરમિયાન કર્તવ્યોમાં બેદરકારી દાખવવા બદલ ગૃહમંત્રાલયે તેમને સસ્પેન્ડ કરી દીધા છે. જોકે, સસ્પેન્ડ ઓર્ડરમાં કોઈ વિશેષ કારણ નથી જણાવ્યુ.

ઠગ સુકેશ ચંદ્રશેખરે સનસનાટીભર્યા દાવો કર્યા બાદ ગોયલને પદ પરથી હટાવી દેવામાં આવ્યા હતા. સુકેશે દાવો કર્યો હતો કે, તેણે મંડોલી જેલમાં સુરક્ષા માટે અધિકારીને રૂ. ૧૨.૫ કરોડ ચૂકવ્યા હતા જ્યાં તે રૂ. ૨૦૦ કરોડના મની લોન્ડરિંગ મામલે બંધ છે. ૪ નવેમ્બર ૨૦૨૨ના રોજ ૧૯૮૯ બેચના વરિષ્ઠ આપીએસ અધિકારી અને તિહાર જેલના ડીજી સંદીપ ગોયલની બદલી કરવામાં આવી હતી.

# ઓટીટી એવોર્ડસમાં અભિષેક બેસ્ટ એક્ટર અને તાપસી બેસ્ટ એક્ટ્રેસ

**ફિલ્મફેર ૨૦૨૨ના વર્ષના ઓટીટી એવોર્ડ્સ જાહેર : દસવીને બેસ્ટ ઓરીજનલ ફિલ્મ અને અભિષેક બચ્ચનને બેસ્ટ એક્ટર, તાપસી ફિલ્મ લૂપ લપેટા માટે બેસ્ટ એક્ટ્રેસ**

મુંબઈ, તા.૨૨

ધ દાબુને પ્રોપર્ટીઝ ફિલ્મફેર ૨૦૨૨ના વર્ષના ઓટીટી એવોર્ડ્સ જાહેર કર્યા હતા. તુષાર જલોટાની સોશ્યલ કોમેડી ફિલ્મ દસવી ને બેસ્ટ ઓરીજનલ ફિલ્મ અને આ ફિલ્મ માટે અભિષેક બચ્ચનને બેસ્ટ એક્ટર તથા તપસી પન્નુને ફિલ્મ લૂપ લપેટા માટે બેસ્ટ એક્ટ્રેસનો અવોર્ડ મળ્યો હતો. આ ઉપરાંત વેબ સીરીઝ માટે રવિના ટંડન અને અનિલ કપૂરને પણ એવોર્ડ્સ મળ્યા હતા. આ એવોર્ડ ફંકશનમાં ભૂમિ પેડનેકર, વિદ્યા બાલન, નેહા ધૂપિયા, રવિના ટંડન, અનીલ કપૂર, હર્ષવર્ધન કપૂર, નીના ગુપ્તા સહીત ઘણા સેલેબ્સ હાજર રહ્યા હતા. અલગ-અલગ ઓનલાઈન પ્લેટફોર્મ પર આ વર્ષે રીલીઝ થયેલ ઓરીજનલ ફિલ્મ અને વેબ સીરીઝને અલગ-અલગ કેટેગરીમાં




અવોર્ડસ મળ્યા હતા.

ક્રિસમસ ૩ દિવસ જ દુર છે ત્યારે અમે લઈને આવ્યા છે આપના માટે આ વિકેન્ડ પર માણવા લાયક બેસ્ટ ફિલ્મોના ખજાનાનું લીસ્ટ. છેલ્લા ઘણા સમયથી ઓટીટી પ્લેટફોર્મના ઓડીયન્સમાં વધારો થયો છે ત્યારે ગયા વર્ષે ઘણી ઓરીજીનલ ફિલ્મોનું નિર્માણ પણ ઓટીટી પ્લેટફોર્મ માટે થયું છે. દર શુક્રવારે જેમ નવી ફિલ્મની રાહ જોવાય છે તેમ જ હવે નવી ફિલ્મો કે વેબ સીરીઝની પણ લોકો આતુરતાથી રાહ જુએ છે.



ડર નહિ, સાવધાની - વૈશ્વિક સ્તરે વધતા કોરોનાના કહેરના પગલે ભારત સરકાર એલર્ટ મોડ પર આવી ગઈ છે... સતર્કતા રાખવાની અપીલ સાથે કેન્દ્ર અને રાજ્ય સરકારના રોડમેપનો સવિસ્તાર ચિતાર આરોગ્ય મંત્રી મનસુખ માંડવિયાએ સંસદના બંને ગૃહોમાં આપ્યો હતો... તેમણે સાંસદો અને રાજ્ય સરકારોને પણ કોરોના સામે લડવા ફરી સતર્કતા અનિવાર્ય છે... જાહેર મેળાવડાઓમાં માસ્ક પહેરવાની અગ્રતા ઉપર તેમણે ભાર મૂક્યો હતો. આ ઉપરાંત સરકારની કોરોના સામે લડવા સજ્જતા અંગેની વિગતો પણ આપી હતી...